# તપોભૂમિ દ્વારા વિશિષ્ટ બાળાઓ માટે વિશિષ્ટ ગીત-સંગીત કાર્યક્રમ યોજાયો



તપોભૂમિ ગૃપ દ્વારા મંથન અપંગ કન્યા સંકુલ, વડસર ખાતે નવા હિન્દી ફિલ્મી ગીતોનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તપોભૂમિ મ્યુઝીકલ ગૃપના દસ જેટલા ગાયક કલાકારોએ ૩૦૦થી વધુ કન્યાઓ સમક્ષ સુંદર ગીતોની રજૂઆત કરી હતી. કન્યાઓએ આ કાર્યક્રમને ઉત્સાહથી માણ્યો અને વખાણ્યો હતો. સુંદર કાર્યક્રમની રજૂઆત બદલ સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી નીરૂબેન રાવલ દ્વારા તપોભૂમિનાં એડમિન ભૂમિકા યાજ્ઞિક અને તપન યાજ્ઞિકનું સન્માન કરવામાં આવ્યું હતું.

# શિક્ષણ નગર વિસનગર હવે મેડિકલ હબ બનશે



**પ્રકાશભાઈ પટેલ**
**પ્રમુખ, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને સાંકળચંદ યુનિવર્સિટી**

## દાદાનું સ્વપ્ન પૌત્રએ પૂર્ણ કર્યું

દીર્ઘદ્રષ્ટા અને શિક્ષણપ્રેમી નગરશેઠ સાંકળચંદભાઈ પટેલની છેલ્લી ઈચ્છા હતી કે વિસનગરમાં યુનિવર્સિટી થાય. તેમના જ વિચારોથી રંગાયેલા તેમના પૌત્ર પ્રકાશભાઈ પટેલે ટ્રસ્ટીઓના સક્રિય સહકારથી વિસનગરમાં 'સાંકળચંદ પટેલ યુનિવર્સિટી'ની સ્થાપના કરી અને દાદાનું સ્વપ્ન પૂર્ણ કર્યું છે. અહીં ૨૦૧૬માં યુનિવર્સિટીની સ્થાપના થઈ અને ૭-૭-૧૭ના રોજ ગુજરાત સરકાર તરફથી મેડિકલ કોલેજની પણ મંજૂરી મળી ગઈ છે.

આગામી વર્ષથી વિસનગરમા મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે, જે વિસનગર માટે ઐતિહાસિક ગણી શકાય તેવી ઘટના છે.

ગાંધીનગર, તા. ૧૩

શિક્ષણ નગર વિસનગર હવે મેડિકલ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે.

૨૦ નવેમ્બર, ૧૯૪૧માં ૫૫ વિદ્યાર્થીઓ સાથે વિસનગરમાં શરૂ થયેલું નૂતન વિદ્યાલય કેળવણી મંડળ તેના પદાધિકારીઓની દીર્ઘ દૃષ્ટિ અને સમયને પારખવાની કુનેહને પરિણામે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી બની શકી છે. વિસનગરમાં મેડિકલ કોલેજ હોવી જોઈએ એવી લોકલાગણી વર્ષોથી હતી જે માટે સંસ્થાના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ સતત પ્રયત્નશીલ રહ્યા ને આખરે આ સપનું સાકાર કરીને રહ્યા. આ શૈક્ષણિક નગરમાં મેડિકલ કોલેજની મંજૂરી મળી જતાં સમગ્ર પંથકમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે અહીં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ડેન્ટલ, ફિઝીયોથેરાપી, ફાર્મસી, એમબીએ, એમસીએ, એન્જિનીયરિંગ, ડિપ્લોમા એન્જિનીયરિંગ, નર્સિંગ જેવી ૧૪ વિદ્યાશાખાઓમાં ઉત્તમ શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે. આ ઉપરાંત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ૩૦૦ બેડની હોસ્પિટલ, અદ્યતન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ, ટ્રાન્સપોર્ટની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શાળામાં અત્યાર સુધીમાં આશરે ૪૨ હજારથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયા છે. જૂન, ૨૦૧૬થી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી કાર્યરત થઈ છે, જે સમગ્ર પંથક માટે ગૌરવ સમાન છે.

નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ના. મ. નૂતન સર્વ વિદ્યાલયે ૭૫ વર્ષ પૂર્ણ કરતાં ગત વર્ષે અમૃત મહોત્સવની ઉજવણી પણ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે દેશની આઝાદી પહેલાં નગરના વિકાસ માટે નગરશેઠ સાંકળચંદભાઈ પટેલે શરૂ કરેલી આ સંસ્થા આજે વિશાળ વટવૃક્ષ બની છે. આજે અહીં ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

## મંડળ તથા ડેન્ટલ કોલેજનો વર્લ્ડ રેકર્ડ

નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા નરસિંહભાઈ પટેલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, વિસનગરના સંયુક્ત માર્ગદર્શન હેઠળ ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સવારે ૭.૩૦થી સાંજે ૪.૦૦ કલાક સુદીમાં ૧૯,૯૭૮ વિદ્યાર્થીઓના દાંતનું ચૅક-અપ કરી ગિનીઝ બૂક વર્લ્ડ રૅકર્ડ્ઝમાં નામ નોંધાવ્યું છે. આ મહાયજ્ઞમાં ૧૨૦ તબીબોની ટીમ સાથે ૨૨૦૦ સેવાભાવીઓએ કમિટીની રચના કરી હતી અને આ ભગીરથ કાર્યને પાર પાડ્યું હતું.

## જન્મદિને વધામણી



**જયેન્દ્રભાઈ પરીખ**
અગ્રણી સમાજસેવક
જુનિયર સિટિઝન કાઉન્સિલ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩



**ઊર્મિલાબેન જયંતકુમાર ગોહિલ**
મો. ૯૮૭૯૧ ૪૩૭૮૮

# નગરના અનોખા સેવાભેખધારીને શુભચિંતકો તરફથી શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૧૩

૧૪ જુલાઈ નિમિત્તે એક વિશેષ વાત યાદ આવે છે. વર્ષો પહેલાં જૂના સચિવાલયમાં કાર્યરત સૅન્ટ્રલ ડિઝાઈન ઑફિસના વર્ગ-૩, ૪ના કર્મચારીઓ ત્યારે પૈસાદાર લોકો પાસેથી ખાનગી રાહે લોન પેટે પૈસા લેતા અને એ બદલ તગડું વ્યાજ પણ ચૂકવતા હતા. કચેરીના કર્મચારી અને લાયબ્રેરીયન એવા ગાંધીનગરના એક રહીશને આ વાત વ્યાજબી ન લાગતાં એમણે પોતે અન્ય સાથીમિત્રોની સહાયથી નાની રકમ ઊભી કરી અને જરૂરિયાતમંદ કર્મચારીઓને લોન આપવાનું શરૂ કર્યું. કચેરીના એક ઍન્જિનીયરની જાણમાં આ વાત આવતાં એમણે આ પ્રયાસને બિરદાવ્યો અને પોતાના ખિસ્સામાંથી પાંચ હજાર રૂપિયા આ પ્રવૃત્તિ માટે ફાળવી આપ્યા. એ પછી તો આ પ્રવૃત્તિ એવી સરસ રીતે ચાલી કે કચેરીના કર્મચારીઓ ન માત્ર ખાનગી વ્યાજખોરોની ચુંગાલમાંથી કાયમી છૂટી ગયા, પરંતુ બે પાંદડે પણ થયા.

જે લાયબ્રેરીયનના કારણે કર્મચારીઓએ સારા દિવસો જોયા એ કર્મચારી એટલે ગાંધીનગરના સેવાભાવી સજ્જન જયેન્દ્રભાઈ પરીખ. સિસિકા, જુસિકા જેવી સંસ્થાઓ સાથે ને નગરમાં વિશેષમાં વિશેષ એવી સેવાઓ માટે એમનું નામ આદરથી લેવાય છે. ગુજરાત સરકારના સેવા ચંદ્રક ઉપરાંત સિસિકા, ગાયત્રી વિદ્યાપીઠ-હરદ્વાર, નારાયણ સેવા સંસ્થા અને ગાંધીનગર શહેર ભાજપ જેવી સંસ્થાઓ એમને સન્માનથી પોંખી ચૂકી છે.

'પરીખકાકા'ના હુલામણા નામે ઓળખાતા જયેન્દ્રભાઈ પરીખને એમના જૂના સાથી કર્મચારીઓ, સેવાસાથીઓ અને એમની સેવા પામી ચૂકેલા નગરજનો તરફથી યાદ કરીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે પહેલા રાઉન્ડમાં ૩૨ હજાર વિદ્યાર્થીઓને કૉલેજની ફાળવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરી કોર્સમાં પ્રવેશ માટે ચાલતી પ્રક્રિયામાં ૫૮૪૬૩ બેઠકો માટે પહેલા રાઉન્ડમાં કુલ ૪૨૩૯૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૨૪૧૭ને કોલેજની ફાળવણી કરાઈ છે. એટલે કે પહેલા રાઉન્ડમાં જ ૨૬૦૪૬ બેઠકો ખાલી પડી છે. મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો સાથે કુલ બેઠકો પ્રમાણે જોઈએ તો ખાલી બેઠકોનો આંકડો ૩૦ હજારને પાર કરે તેવી શકયતા છે. તા.૨૦મીએ પહેલા રાઉન્ડમાં ખાલી બેઠકોની યાદી જાહેર કરાશે.

## શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# પી કે ચૌધરી કૉલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સીડબલ્યુડીસી અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાના પ્રયાસ રૂપે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૩૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રથમ સ્થાને મોહસીના મલેક, દ્વિતિય સ્થાને નુઝરત પટેલ અને તૃતિય સ્થાને ચિત્રા થાપા અને પવન ચૌધરી વિજેતા બન્યાં હતાં. ભારતી પંડ્યા અને અંકિતા ચૌધરીને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યાં હતાં.

આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઍમસીએ કૉલેજનાં અધ્યાપક પ્રા. હેલીબેન શાહ, બીસીએ કૉલેજનાં પ્રા. સર્વાંગીબેન અને કૉલેજના અગ્રેજી વિભાગનાં પ્રા. ગીતાબેન ચૌધરીએ આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સીડબલ્યુડીસીનાં કન્વીનર ડૉ. લીના સ્વાદિયા અને કો-કન્વીનર પ્રા. મુન્નાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રા. સોનલબેન મોદી ડૉ. સજ્જનબેન ચૌધરીએ સૌ સ્પર્ધક વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## ડેઈલી કરંટ




(૧) વિશ્વ થિયેટર ઓલિમ્પિક ૨૦૧૮નું આયોજન કઈ સંસ્થા કરી રહી છે?
(એ) રાષ્ટ્રીય સંગીત અકાદમી
**(બી) રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય**
(સી) નેશનલ ડ્રામા સ્કૂલ
(ડી) ઉપર પૈકી એકપણ નહીં

(૨) કેન્દ્ર સરકારે અર્ધલશ્કરી દળોમાં કાર્યરત તબીબી અધિકારીઓની સેવા નિવૃત્તિની વય ૬૦ વર્ષથી વધારીને કેટલી કરી છે?
(એ) ૬૨ વર્ષ **(બી) ૬૫ વર્ષ**
(સી) ૬૧ વર્ષ (ડી) ૬૪ વર્ષ

(૩) આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાં ૬ હજાર રન પૂરા કરનાર પ્રથમ મહિલા ખેલાડી કોણ બની છે?
**(એ) મિતાલી રાજ**
(બી) શાલેટ એડવર્ડ્ઝ
(સી) બિલિન્ડા ક્લાર્ક
(ડી) કેટી પેરી

(૪) ભારતીય મહિલા ક્રિકેટ ખેલાડી મિતાલી રાજે પોતાની કેટલામી વન ડે મેચમાં ૬ હજાર રન પૂરા કરવાનો નવો વિશ્વ રૅકર્ડ બનાવ્યો છે?
(એ) ૧૮૦મી (બી) ૧૮૧મી
(સી) ૧૮૨મી **(ડી) ૧૮૩મી**

(૫) જુલાઈ માસ દરમિયાન શ્રીલંકાની ક્રિકેટ ટીમના કયા ખેલાડીએ કેપ્ટન પદેથી રાજીનામું આપ્યું?
(એ) જયસૂર્યા
**(બી) ઍંજેલો મેથ્યુસ**
(સી) ચામીન્ડાવાસ
(ડી) માલિન્ગા

(૬) ૨૦૧૭માં બ્રાઝીલના પૂર્વ રાષ્ટ્રપતિ લૂલા ડી સિલ્વાને ભ્રષ્ટાચારના આરોપસર કેટલા વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે?
(એ) ૫ વર્ષ (બી) ૧૫ વર્ષ
(સી) ૨૦ વર્ષ **(ડી) ૧૦ વર્ષ**

(૭) સંયુક્ત રાષ્ટ્ર અને આર્થિક સહયોગ અને વિકાસ સંગઠનના રિપોર્ટ મુજબ ૨૦૨૬ સુધીમાં વિશ્વનો સૌથી વધુ દૂધ ઉત્પાદન કરનાર દેશ કયો બનશે?
(એ) ડેનમાર્ક (બી) ઓસ્ટ્રેલિયા
**(સી) ભારત** (ડી) રશિયા

(૮) ૨૦૧૮માં ભારતમાં ગણતંત્ર દિન નિમિત્તે વિશ્વના કયા સંગઠનના દેશોના રાષ્ટ્રપ્રમુખો મુખ્ય અતિથિપદે હાજર રહેશે?
(એ) બ્રિક્સ (બી) જી-૨૦
**(સી) આસિયાન** (ડી) સાર્ક

(૯) વિશ્વનું સૌથી મોટું દૂરબીન કયા દેશમાં નિર્માણ પામી રહ્યું છે?
(એ) અમેરિકા (બી) જાપાન
**(સી) ચીલી** (ડી) ભારત

(૧૦) ભારતના નવા ઍટર્ની જનરલ પદે તાજેતરમાં કોની નિયુક્તિ કરાઈ છે?
(એ) ઍન ઍમ વેણુગોપાલ
**(બી) કે કે વેણુગોપાલ**
(સી) પી પી વેણુગોપાલ
(ડી) ડી ડી વેણુગોપાલ

# ૧૨મી ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશીપ યોજાઈ




ટેક્વોન્ડો ફેડરેશન ઓફ ગુજરાત દ્વારા ગત તા. ૯મી જુલાઈના રોજ અમદાવાદમાં શાહીબાગ સ્થિત ઘાસીરામ ચૌધરી ભવન ખાતે ૧૨મી રાજ્યકક્ષાની ટેક્વોન્ડો ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમદાવાદની રચના સ્કૂલ ખાતે પ્રસિક્ષણ પામી રહેલ ટેક્વોન્ડો ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાતં ૧૬ ગોલ્ડ, ૨૦ સિલ્વર અને ૨૨ બ્રોન્ઝ મેડલ્સ મળીને કુલ ૫૮ મેડલ્સ હાંસલ કરી રાજ્યભરમાં ડંકો વગાડી દીધો હતો. આ સાથે ટીમના જુનિયર ખેલાડી યુગ પટેલને બેસ્ટ ફાઈટરના એવોર્ડથી સન્માનિત કરાયો હતો.

# બુધવારે અમદાવાદ ખાતે 'મીઠા લયનો મણિધર'

ગાંધીનગર, તા. ૧૩

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯ જુલાઈ ને બુધવારના રોજ સાંજે ૬ કલાકે આત્મા હોલ (મીલ ઓનર્સ બિલ્ડીંગ ઓડિટોરિયમ), સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ મણિલાલ ભગવાનજી દેસાઈના ૭૯મા જન્મદિન પ્રસંગે 'મીઠા લયનો મણિધર' નામે સાહિત્યિક વ્યાખ્યાનનું



આયોજન કરવામાં આવ્યું છે. મણિલાલ ભગવાનજી દેસાઈની કાવ્યસૃષ્ટિ વિશે મણિલાલ હ પટેલ વકતવ્ય આપશે. મણિલાલ દેસાઈના કાવ્યસંગ્રહ 'રાનેરી'માંથી અલગ-અલગ કાવ્યોનું પઠન કવિ માધવ રામાનૂજ કરશે. કવિ મણિલાલ દેસાઈના ખૂબ જાણીતા ગીત 'ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના' અને 'મળે રાધા જો કોઈને તો કહેજો'નું કાવ્યગાન નમ્રતા શોધન કરશે. ભાષાપ્રેમી અને સાહિત્ય રસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી.

# રોજગારીની તકો છિનવે તેવો વિકાસ શક્તિવર્ધક નથી

એકવીસમી સદીમાં બધાંનું રંગીન સ્વપ્ન જે ઊભું થયું છે તે વિકાસને લગતું જ છે. બધા જ દેશોને, પ્રજાને, એકમોને વિકસવું છે તો બીજી તરફ વિશ્વનું સમતુલન પ્રત્યેક દૃષ્ટિ કોણ ખોરવતું રહ્યું છે. માણસનું માનવી હોવા માટેનો વિચાર, વર્તન, વિહાર અને વ્યવહારમાં ભારોભાર અજંપો પ્રતિદિન વધતો જાય છે. માનવ સૃષ્ટિ બધા જ સજીવોમાં સર્વોચ્ચ કક્ષાએ છે. જે સબ કા સાથ સબ કા વિકાસને ચાહે છે અને લઈ જવા સક્ષમ છે. તેમ છતાં સમયની બલિહારી એ છે કે બધું જ ભવ્ય છતાં માનવીનું દિલ સાવ નાનું ! દિલની અમીરી ગાયબ થઈ ગઈ છે. પરંતુ ઉજવણી બધી આંખ આંજી દે એ પ્રકારની થઈ રહી છે. હકીકતમાં આપણે વિકાસની શી વ્યાખ્યા કરીએ છીએ એ જ મહત્ત્વની બાબત છે. પ્રશાસનમાં સત્તાધારકો બદલાયા કેમ કે વિકાસનો અહેસાસ પ્રજાને થતો બંધ થઈ ગયો હતો. વિકાસને મહદંશે બધા આર્થિક દૃષ્ટિથી જ જોતા, તપાસતા અને મૂલવતા રહે છે. પરંતુ જીવનને જે પસંદ હોય તે વિકાસ સાધ્યા પછી પણ ઉપલબ્ધ ના હોય તેવું બનતું હોય છે. વિસ્તૃત થવું, વધવું, ફેલાઈ જવું એ વિકાસને સમજાતા શબ્દોમાં માનવીય ગુણો, અવગુણો કે સંવેદનાઓનો સમાવેશ પ્રત્યક્ષપણે થતો નથી પરંતુ જે વિકાસ કોઈપણ ક્ષેત્રમાં રોજગારીની તકોનું નિર્માણ કરતો નથી એ વાસ્તવમાં વિકાસ હોતો નથી. રાષ્ટ્રીય ઉત્પાદન અને ઉત્પાદકતામાં વૃધ્ધિ થાય અને બીજી તરફ તેમાં માનવીય શ્રમની વૃધ્ધિનો કોઈ ફાળો જ ના હોય તો શું તેને વિકાસ ગણી શકાય?




ટૅકનોલૉજી અને સિસ્ટમ (આઈટી)નો વ્યાપ વધતો જાય છે તે મુજબ માનવશ્રમના ઉપયોગનું




પ્રમાણ ઘટતું જાય છે. છેલ્લા એકાદ વર્ષમાં ઘણાં ક્ષેત્રોમાંથી કર્મચારીઓની છટણી થઈ ચૂકી છે. ભારતની જ વાત કરીએ તો અહીં વિકાસની રફતાર વધી છે પરંતુ રોજગારીની તકો વધી નથી તો કૃષિક્ષેત્ર જેવામાં પ્રછન્ન બેકારી પ્રવર્તે છે.

કમ્પ્યુટર્સના પ્રવેશ પછી માનવ શ્રમિકોના જોબ ઉપર તેની હકારાત્મક અસર રહી નથી. અસંગઠિત ક્ષેત્રના કામદારો તો ભારતમાં અતિ પરેશાનીના દૌરથી પસાર થઈ રહ્યા છે તેનાં બે મુખ્ય કારણો જોવા મળ્યાં છે. પ્રથમ નવેમ્બર, ૨૦૧૬થી ડિમોનીટાઈઝેશન (નોટબંધી) જાહેર થયું કે કરન્સીની લિક્વિડીટી ઊભી થઈ, બજારમાં કામધંધા અટકી પડ્યાં. લઘુ ઉદ્યોગોના કામદારો પોતપોતાના વતનમાં જોબ નહીં હોવા છતાં ત્યાં જતા રહ્યા અને જૂન, ૨૦૧૭ સુધીમાં સ્થિતિ સુધરી હતી ત્યાં જીઍસટીનો અમલ થવાની જાહેરાત થતાં ફરીથી કાપડ ઉદ્યોગ, કાગળ-પતંગ ઉદ્યોગ, મશીનરી સંલગ્ન ઉદ્યોગોમાં ફરીથી કામકાજ ઠપ્પ થઈ ગયાં છે. સુરત, અમદાવાદ, રાજકોટ ખાતે આ લોકો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. જો કે ઉલ્લેખનીય એ છે કે તેઓ જીઍસટીનો વિરોધ કરતા નથી. પરંતુ બીજા જે દ્વિધાયુક્ત પ્રશ્નોના ઉત્તર મળતા નથી કે સત્તાધિશો જવાબો આપી શકતા નથી તેનો વિરોધ કરી રહ્યા છે. મધ્યમ દરજ્જાના વેપાર ઉદ્યોગમાં તથા જ્યાં વધુ પ્રોસેસિંગ બાદ તૈયાર માલ બને છે ત્યાં સવાલો વધુ છે. તદુપરાંત હવે વેપાર કરનારાઓને આઈટી સંલગ્ન જ વહીવટ કરવો ફરજિયાત થઈ જતાં તેની મુશ્કેલીઓ વધી છે, જે પ્રશાસને નોંધવું જરૂરી છે. ગુજરાત રાજ્યમાં હાલ સુધી જોબમાં ફિક્સ વેતનથી નિયત વર્ષો સુધી શ્રમનું મહત્ત્વ ઘટે તે રીતે આયોજન કર્યું એટલે ડિગ્રીધારકોને નથી સરકારી કાયમી જોબ કે નથી ખાનગી ક્ષેત્રમાં નવી જોબની તક. ગુજરાત રાજ્ય રાષ્ટ્રના વિકાસનું ગ્રોથ એન્જિન છે તો હવે નવી ઈન્ડસ્ટ્રીઝમાં ગુજરાતના યુવા વર્ગ જે ગુણવત્તાસભર છે તેના માટે નિયત ટકાવારી ભરતીમાં નક્કી થવી આવશ્યક થઈ છે. અન્યથા ગુજરાતની ગરવી અસ્મિતામાં ગાબડાં થઈ જવાનાં છે. પૂરા રાષ્ટ્ર માટે નવી રોજગારીની નીતિ ઊભી કરવી ઉચિત છે. કૃષિક્ષેત્ર નજર સામે જ છે ત્યાં કૃષિકારો ઉદાસ, હતાશ ને હિંમત ગુમાવી રહ્યા છે તો બીજી તરફ ઉદ્યોગોની વૃધ્ધિ માટે એમઓયુ વધે તે હેતુથી સરકાર ચિંતા કરી રહી છે. છતાં કડવી વાસ્તવિકતા એ છે કે ભણતરના વ્યાપ સામે નવી જોબ સર્જી શકાતી નથી.

સમગ્ર વિશ્વના પ્રત્યેક મહત્ત્વના દેશના વડાપ્રધાનની વિઝીટ બહુહેતુક હોય તેવું ચોક્કસ છે. કેમ કે વિકસવા માટે જમીન, શ્રમિક, આયોજન ઉપરાંત નાણાં અવશ્ય જોઈએ. ભારતમાં બધું જ ઉપલબ્ધ છે. ત્યાં નાણાંકીય સંસાધનો લઈ મલ્ટીનેશનલ કંપનીઝ આવે તો દેશમાં ઉમદા સ્થિતિ ઊભી થઈ શકે તેવી સંભાવનાઓના સ્વપ્નાં સાકાર કરવાની ભરપૂર કોશિષ થઈ રહી છે. સાથે ડિપ્લોમસીની વ્યૂહરચના પણ ગોઠવવામાં આવી રહી છે. કારણ કે ભારતનો વિકાસ આપણા પાડોશી રાષ્ટ્રોને પચતો નથી. રોજગારીસર્જન વિના જે વિકાસ ઊભો થાય તે સમાજના વિવિધ વર્ગોમાં એક વૈમનસ્ય અને અજંપો ઊભો કરે છે. આઉટસોર્સિંગના ખ્યાલના ઉદ્ભવ પછી કાયમી નોકરીઓને જબરો ધક્કો લાગ્યો છે. પણ શ્રમિકોના હાથપગ અને હૃદયને સાચવવા જ પડે કેમ કે તેઓ રાષ્ટ્રના ઉમદા નાગરિક પણ છે. ઘણા કાનૂન સુધરી રહ્યા છે કે રદ કરાઈ રહ્યા છે, તેમાં સરકારે નવી રોજગાર નીતિ રચવાની ખૂબ જરૂરિયાત છે.

**શેર આસ્વાદ**

જો કહ દિયા વો બાત થી
જો રૂક ગયે વો અહેસાસ થે,
કુછ શિકવે ઐસે થે સાહબ
જો ખુદ હી કહે ઔર ખુદ હી સુને